મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૬૩ ટકા

ગાંધીનગર તાપમાન

જૈન સોશ્યલ ગ્રુપ, ગાંધીનગર - શ્રી વર્ધમાન અનુકંપા કેન્દ્ર દ્વારા

ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાય

ગાંધીનગર, તા. ૨૪

જૈન સોશ્યલ ગ્રૂપ, ગાંધીનગર તથા વર્ધમાન અનુકંપા કેન્દ્ર દ્વારા સેકટર-૨૨ ખાતે ગરીબોને ભોજન તથા ગરીબ વિદ્યાર્થીને ચોપડા તથા નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું.

જૈન સોશ્યલ ગ્રૂપ, ગાંધીનગર તથા વર્ધમાન અનુકંપા કેન્દ્ર દ્વારા સેકટર-૨૨ ખાતે આજ રોજ તારીખ ૨૩/૦૬/૨૦૧૯ નાં રોજ ૪૦૦ પણ વધુ ગરીબોને ખીચડી, છાસનાં ભોજન બાદ ૧૫૦ થી પણ વધુ ગરીબ વિદ્યાર્થી બાળકોને ચોપડી તથા નોટબુકોનું વિતરણ કરી ઉત્તમ સામાજીક સેવાનું ઉદાહરણ પુરૂ પાડેલ છે.

આ પ્રસંગે વર્ધમાન અનુકંપા કેન્દ્ર સેકટર-૨૨ તરફથી તેમના સર્વે સભ્યો તથા ધવલભાઈ શાહ સંજયભાઈ શાહ, મણીયારભાઈ શાહ ભદ્રેશ શેઠ, તથા જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગર તરફ થી મધુસુદન વોરા-પ્રમુખ, ભરતભાઈ કોટડીયા-મંત્રી, આર.ડી.ગાંધી-પૂર્વ પ્રમુખ, હેમાંગ ગાંધી, હિતેષ કોઠારી-પૂર્વ પ્રમુખ નીરજભાઈ દોશી, શ્રીમતી ધર્મિષ્ઠાબેન દોશી, નિલેષભાઈ શાહ, સ્નેહલ શાહ, શ્રીમતી છાયાબેન સ્નેહલ શાહ, પ્રવિણભાઈ દોશી તથા શ્રીમતી વીણાબેન વોરા, વિગેરેની ખાસ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે આર.ડી.ગાંધી-પૂર્વ પ્રમુખનો જન્મદીન નિમિત્તે સર્વે ઉપસ્થિત સભ્યઅને હોદ્દેદારોએ પુષ્પગુચ્છ થકી શુભેચ્છા પાઠવી હતી.

સેક્ટર-૨૯ની શાંતિનિકેતન પ્રાથમિક શાળા ખાતે

'માસ્ટર માઈન્ડ કિડ્સ' સેન્ટરનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૪

આર કે એન્ડ એ કે એકેડેમીક એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન સંચાલિત માસ્ટર માઈન્ડ કિડ્સ સેન્ટરનું ઉદ્ઘાટન રવિવારે શાંતિ નિકેતન પ્રાથમિક શાળા, સેક્ટર-૨૯ ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ તરીકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, ગુડાના પૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસાર, ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, કોર્પોરેટર નીતિનભાઈ પટેલ, કાર્તિક પટેલ અને માસ્ટર માઈન્ડ કંપનીના ડિરેક્ટર અમન પરાશર ઉપસ્થિત રહ્યા હતા. માસ્ટર માઈન્ડ કિડ્સ અને શાંતિનિકેતન પ્રાથમિક શાળા તરફથી એ કે રાઠોડ, આર કે પટેલ અને બિપીન રાવલ દ્વારા અતિથિઓ, આમંત્રિતો, બાળકો તથા વાલીઓને આવકારવામાં આવ્યા હતા. કેન્દ્રના ઉદ્ઘાટન નિમિત્તે જેનો ચાર્જ રૂપિયા ૫૦૦થી વધુ છે એવો બ્રેઇન મેપિંગ ટેસ્ટ બાળકો માટે નિશુલ્ક યોજવામાં આવ્યો હતો. ૭૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર આ ટેસ્ટનો લાભ લીધો હતો અને તેનાં પરિણામો પ્રતિ સંતોષ વ્યક્ત કર્યો હતો.

જીએસડીએમના તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયાં

ગાંધીનગર, તા. ૨૪

જીએસડીએમ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, ગાંધીનગર ખાતેથી સ્કીલ ઈન્ડિયા મિશન અંતર્ગત અગાઉના વર્ષમાં તાલીમ મેળવી સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયેલા તાલીમાર્થીઓને પ્રમાણપત્રનું વિતરણ કરવા માટે તારીખ ૨૨મી જુન, ૨૦૧૯ને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈલેકટ્રીશીયન, ઓટો મોબાઈલ, ફીટર તેમજ રેફ્રિજરેશન ટ્રેડના ૨૦૦ થી વધારે તાલીમાર્થી ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત આઈ.ટી.આઈ. ગાંધીનગરના પ્રિન્સિપાલ ભરતભાઈ નાયક તેમજ એલડીઆરપી કૉલેજના પ્રોફેસર હાર્દિકભાઈ પટેલ, અનિરુદ્ધભાઈ, જયભાઈ પટેલ, કૌશલભાઈ ભાવસાર, ચાર્ટડ એકાઉન્ટન્ટ સંજયભાઈ પટેલ, સંદીપભાઈ પટેલ જેવા મહાનુભાવોના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

યોગના રંગે રંગાયા કલ્પતરૂના કર્મચારીઓ

ગાંધીનગર, તા. ૨૪

પાંચમા વિશ્વ યોગના દિવસે ગાંધીનગરની પ્રસિદ્ધ કંપની કલ્પતરૂ ખાતે પ્લાન્ટ અને ઑફિસ એમ બે જગ્યાએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સેકટર-૨૮ના પ્લાન્ટ ખાતે સવારે ૮ વાગ્યે યોગ ગુરુ લલીત દ્વારા બસો કામદારોને યોગ-પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગેઝીયાના અધિકારી મુકેશ પટેલ અને જીઆઈડીસીના અધિકારી રાકેશ પટેલ હાજર રહ્યા હતા.

સેકટર-૨૫ સ્થિત કલ્પતરૂ લર્નિંગ સેન્ટર ખાતે સ્ટાફના સભ્યો માટે યોગનો અભ્યાસ રાખવામાં આવ્યો હતો. ત્યાં સવાસો સભ્યો હાજર હતા. વી કેર ફાઉન્ડેશન ચેરમેન અને પ્રખ્યાત યોગ ગુરુ જે.સી. પટેલ દ્વારા એક કલાક સુધી યોગ-પ્રાણાયામ અને લાફીંગ એક્સસાઈઝ કરાવી હતી.

કલ્પતરૂના ભરત મોદી અને ડીસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રી સેન્ટરના જનરલ મેનેજર રીકેન શાહે જે.સી. પટેલનું સન્માન કર્યું હતું. જયારે યોગ ગુરુનો પરિચય સંજય થોરાત દ્વારા આપવામાં આવ્યો. આ યોગ દિવસ ઉજવણી માટે વિશાળ દવે, સુધાંશુ જહા, મયંક પંડ્યા, સમીર ઉપાધ્યાય દ્વારા તૈયારી કરવામાં આવી હતી.

કલ્પતરૂ ખાતેના સ્કૂલ યોગ દિવસ ઉજવણી બાદ દર મહિને એકવાર યોગ પ્રશિક્ષણ વર્ગ ચલાવવાની પણ મેનેજમેન્ટ દ્વારા તત્પરતા દર્શાવી હતી. સરકારના વિશ્વ યોગ દિવસ ઉજવણીમાં કલ્પતરૂએ પણ સક્રિય ભાગ લઈ એમની નિષ્ઠા જતાવી હતી.

શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં વાલીચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં શનિવારે ધોરણ-૧ની વિદ્યાર્થિનીઓના વાલીઓ માટે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. ધોરણ-૧ની વિદ્યાર્થિનીઓએ આ પ્રસંગે સુંદર સ્વાગત ગીત અને વિવિધ વિષયો પર વક્તવ્યોની રજૂઆત કરી હતી. આચાર્ય નીરૂબેન પટેલે પ્રવૃત્તિલક્ષી શિક્ષણ અને સતત, સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ઍલડીઆરપી-આઈટીઆર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એલડીઆરપી આઈટીઆર કોલેજના એનએસએસ અને એનસીસીના વિદ્યાર્થીઓ દ્વારા મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કૉલેજનાં આચાર્ય ડૉ. ગાર્ગી રાજપરા, સિવિલ વિભાગાધ્યક્ષ પ્રૉ. અંકિતા પરીખ, સંયોજક નટુભાઈ લાડાણીની રાબહરી હેઠળ ૫૦૦ જેટલાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.

વન વિભાગના અધિકારી કે બી નિનામા અને ફોરેસ્ટર પી ડી ગોસ્વામીએ રોપાં લાવવાથી લઈ વાવવા અને તેના ઉછેર સુધીની માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. આ પ્રસંગે સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય મહેન્દ્રભાઈ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન કૉલેજનાં ફિઝીકલ જ્યુકેશન ડિરેક્ટર નૌરિન જે વૈપના દ્વારા કરવામાં આવ્યું હતું.

મહેશ્વરી એકેડેમી ખાતે

વિશ્વ હેન્ડબૉલ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

રવિવારે વિશ્વ ઑલમ્પિક દિવસ હતો તે સાથે સાથે વિશ્વ હેન્ડબૉલ દિવસ પણ હતો. શહેરમાં બાળકોને કાચીવયે સ્પોર્ટ્સ માટે તાલીમ આપી ખેલાડી બનવા તૈયાર કરતી મહેશ્વરી સ્પોર્ટસ એકેડેમી ખાતે સવારે ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગરના વાવોલ કોલવડા માર્ગ પરની મહેશ્વરી સ્પોર્ટ્સ એકેડેમી ખાતે વિશ્વ હેન્ડબૉલ ડેની ઉજવણી ગ્રાઉન્ડ ઉપર કેક કાપીને કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના જાણીતા આંતરરાષ્ટ્રીય હેન્ડબૉલ કોચ શશિમોહન ધુમાલ, ગુજકોસ્ટના મેમ્બર સેક્રેટરી નરોત્તમ સાહુ તથા સ્પોર્ટસ તથા ફિઝીક્સ ટ્રેઈનર વિશાલ થોરાત ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે શશિમોહન ધુમાલે બાળકોને જીવનમાં સ્પોર્ટ્સનું મહત્વ તથા ઓલમ્પિક ડે અને હેન્ડબૉલ ડે અંગે માહિતી આપી હતી. નરોત્તમ શાહુએ બાળકોને સ્પોર્ટસ ક્ષેત્રે મહેનતથી આગળ વધવા પ્રેરિત કર્યા હતા જ્યારે વિશાલ થોરાતે બાળકોને ફીટનેસનું મહત્વ સમજાવી વધતા જતા સ્પોર્ટ્સ કલ્ચરથી કારકિર્દી ઘડતર અંગે જાણકારી આપી હતી. આ પ્રસંગે એકેડેમીના સંચાલિકા તથા હેન્ડબોલ કોચ મહેશ્વરી ધુમાલ અને કૃતિકા ધુમાલ કાર્યક્રમના આયોજન માટે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં એકેડેમીના તાલીમાર્થી બાળકો ઉપરાંત તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ગાંધીનગર દ્વારા જેઈઈ ઓપન હાઉસનું આયોજન દિલ્હી, મુંબઈ અને ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ૫૦૦થી વધુ જેઈઈ એડવાન્સ્ડ ક્વોલિફાઈડ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

બ્રાહ્મણો માટે નિઃશુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

બ્રાહ્મણ મિત્રમંડળ ગાંધીનગર દ્વારા શહેરના બ્રાહ્મણો માટેનું નિઃશુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન તા. ૩૦ જુનના રોજ રાત્રે ૮ વાગ્યે સે. ૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે. જ્યાં સ્થળ પર પણ નોંધણી કરાશે અને સમય હશે તો પરિચય આપવાની તક મળશે. સ્થળ પર ઉમેદવારે સ્કૂલ લીવીંગ સર્ટિ, અભ્યાસનું સર્ટી, ફોટો તેમજ ઓળખપત્ર સાથે રાખવા સંસ્થાના કેતન ઉપાધ્યાય દ્વારા જણાવાયુ છે. તથા વધુ વિગત માટે ૯૩૭૬૧૩૧૬૦૩ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

શહેરના બુલેટસવારો ૨૦ દિવસીય બુલેટ રાઈડ પર જશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના મેટલહેડ રાઈડર્સ ક્લબ દ્વારા ૨૦ દિવસીય સાહસિક બુલેટ રાઈડનું આયોજન કરવામાં આવ્યુ છે. તા. ૨૫ જુનના રોજ સવારે ૬ વાગ્યે ૧૨ બુલેટ સવારો પોતાના બુલેટ લઈ લેહ-લદાખ, સ્પીતીવેલી અને ચસપાસની બુલેટયાત્રાએ નીકળશે. મેટલ હેડ રાઈડર્સ ક્લબના વ્યવસ્થાપક જયેન્દ્રસિંહ સોલંકી અને રાજેન્દ્રસિંહ સોલંકી દ્વારા દર વર્ષે આવી સાહસિક બુલેટ રાઈડનું આયોજન કરવામાં આવતું હોય છે. જે આ વર્ષે પણ કુલ ૨૦ દિવસ ૧૨ બુલેટ સવારો અંદાજીત ૬,૫૦૦ કિલોમીટરની બુલેટરાઈડ કરશે. જેમાં આ વર્ષે

દુનિયાના દ્વિતિય હાઈએસ્ટ સ્પીતીવેલીથી રાઈડર્સ પસાર થશે. આ યાત્રામાં ઉંમરનો કોઈ બાધ ન રખાતા ગાંધીનગર અને કચ્છ-ભુજના થઈ ૨૩ થી ૫૭ વર્ષના રાઈડર્સ આ યાત્રામાં ભાગ લેશે. જેઓ વ્યવસાયે એન્જીનિયર, ધંધાદારી, સરકારી અધિકારી છે.

આ બુલેટ રાઈડ ગાંધીનગરથી અજમેર-ચંદીગઢ-શીમલા-ચીટકુલ-કાઝા-ચંદ્રતાલ-જેસ્વા-લેહ-ખાટ્ટુંગાના (૧૮૩૮૦ફીટ) હુંડરનુ બ્રાવેલી - શ્યોકરીવર-પેંગોગલેક-કીલાર-પઠાણકોટ-ડેલહાઉસી-ચંદીગઢથી ૧૩ જુલાઈ આસપાસ પરત ફરશે. કુલ ૬૫૦૦ કિલોમીટરની બુલેટયાત્રામાં ૧૨ બુલેટ સવારો રહેવર ભરતસિંહજી, જયેન્દ્રસિંહ સોલંકી, જીગર પટેલ, રોમેશ મુંજાલ, ભાલેશ ગઢવી, પ્રકાશ ગઠવી, રૂષી છત્રપતિ, રાકેશ સિંધવ, ગોવિંદ સિંધવ, પ્રિયંક પટેલ, મનસુખભાઈ ગુંજારીયા અને નિશિત છેડા જોડાશે. આ બુલેટ સવારોને પ્રોત્સાહન આપવા ચૈતન્ય નિમાવત ઉપસ્થિત રહેશે.

ચિરવિદાય

- સ્વ. પરમાર હિરાબેન હાલાજી ઉ.વ. ૮૦
- ઠાકોર મેનાબેન બાબુજી ઉ.વ. ૫૪